ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૯/૨૩–૨૪/ 981 તારીખ : 31 MAY 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૯/૨૩–૨૪

પ્રતિ,
**શ્રી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી,**
**ભાઈલાલભાઈ અભુભાઈ ભુંભાણી,**
**રહે.ખીમસણા રોડ, ધોળી ધજા ડેમ પાસે,**
**સદાનંદ પાર્ક,**
**મું.સુરેન્દ્રનગર.**

**મો.નં–૯૬૨૪૮ ૯૩૯૦૧**

**વિષય : અમારી મિલ્કતમાં જુનું મીટર કાઢી નવું અમારા નામ જોગ મીટર આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૫/૦૪/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૦૪/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૩–૨૪/૮૩૮ તા.૦૧/૦૫/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૩–૨૪/૯૦૧ તા.૧૨/૦૫/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૩/૦૫/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી–૨**, સુરેન્દ્રનગર.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૯/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૩/૦૫/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી બી.ડી.બારોટ, નાયબ ઈજનેર,** વિભાગીય **કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી, મું.સુરેન્દ્રનગરની અમારી મિલ્કતમાં જુનું મીટર કાઢી નવું અમારા નામ જોગ મીટર આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૯/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૩–૨૪/૮૩૮ તા.૦૧/૦૫/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૩/૦૫/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી બી.ડી.બારોટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી, રહેઠાણ–ખમીસના રોડ, સદાનંદ પાર્ક દાળમીલ રોડ, સુરેન્દ્રનગરમાં રહેઠાણ ધરાવે છે.

૧.૨ વાદીની રજુઆત છે કે, તેઓ દ્વારા વઢવાણ જી.આઈ.ડી.સી.માં આવેલ શેડમાં સર્વે નંબર–૧૬૭૪ ના પ્લોટ નંબર–૨૬૭/૧, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, વઢવાણ વાળો પ્લોટ, નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદી પાસેથી કબ્જા સાથેનું બાનાખત તા. ૦૫.૧૧.૨૦૨૦ થી નોટરી કરી આપેલ હતું. ત્યારબાદ, અમો દ્વારા રજી. દસ્તાવેજ નંબર–૩૫૭૧ થી તા. ૦૨.૦૮.૨૦૨૨ ના રોજ શેડ અઘાટ વેચાણનો દસ્તાવેજ કરી આપેલ હતો. જે મુજબ અમો કાયદેસરના માલિક તથા કબજેદાર બનેલ છીએ તેમ જણાવે છે.

Consumer Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ સદર શેડમાં પીજીવીસીએલ કંપની દ્વારા ૩ ફેઈઝ વીજ જોડાણ ગ્રાહક નંબર–૭૨૬૦૮/૦૯૪૨૯/૫ થી વાણીજય હેતુ માટેનું ૬.૫ કી.વો.નું વીજ જોડાણ નરેન્દ્રભાઈ પ્રહ્ાુમનભાઈ ત્રિવેદીના નામે ચાલે છે.

૧.૪ વાદીની રજુઆત છે કે, તેઓ દ્વારા શેડમાં નામ બદલવા માટે પીજીવીસીએલની સુરેન્દ્રનગર શહેર–૨ કચેરીમાં તા.૦૭.૦૧.૨૦૨૩ ના રોજ અરજી કરવામાં આવેલ હતી.

૧.૫ વાદીએ તા.૧૦.૦૧.૨૦૨૩ ના રોજ નરેન્દ્રભાઈ પ્રહ્ાુમનભાઈ ત્રિવેદી ને નોટીસ આપેલ હતી. જેમાં જણાવેલ કે, આપના નામનું જે વીજજોડાણ આવેલ છે, તે જોડાણમાં કોઈ વિજ ચોરી થાય, તુટી જાય કે બળી જાય તથા તે અન્વયે કોઈ કોર્ટ મેટર થાય તો તેની જવાબદારી અમારી રહેશે નહી. તેમ જણાવે છે.

૧.૬ વાદીની રજુઆત છે કે, તેઓ દ્વારા સદર બાબતે વીજ કચેરીમાં તા.૧૮.૦૧.૨૦૨૩ ના રોજ જુના મીટરનું વીજ જોડાણ કાઢીને અમારા નામનું નવું વીજ જોડાણ આપવા અરજી કરેલ હતી. પછી વીજ કચેરી દ્વારા પત્ર નંબર–૯૬૬ તા.૦૯.૦૩.૨૦૨૩ ના રોજ જણાવેલ છે કે, દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેમાં જુના ગ્રાહક નરેન્દ્રભાઈ પ્રહ્ાુમનભાઈ ત્રિવેદીની સંમતી આપવા સહી રજૂ કરવામાં આવેલ છે જે વીજ જોડાણ હાલમાં ચાલુ છે તે દરમ્યાન નરેન્દ્રભાઈ પ્રહ્ાુમનભાઈ ત્રિવેદી દ્વારા તા.૨૩.૦૯.૨૦૨૨ ના રોજ પત્ર નંબર–૧૬૧૬ થી અરજી મળેલ છે. જેમાં, તેઓ દ્વારા જણાવેલ છે કે, નામ બદલીના સંમતીપત્રમાં તેઓ દ્વારા સહી કરવામાં આવેલ નથી તો સદર બાબતે જુના ગ્રાહકને રૂબરૂ બોલાવી સહી કરાવી નામ બદલીની કામગીરી કરવા માટે અરજી કરેલ છે.

૧.૭ સદર સ્થળના દસ્તાવેજમાં પેઈઝ નંબર–૩ ના પેરામાં દસ્તાવેજ સમયે વીજ જોડાણ નામે કરવા માટે અરજીમાં જયાં જણાય ત્યાં સહી કરવા ખાતરી આપેલ છે. પણ નરેન્દ્રભાઈ પ્રહ્ાુમનભાઈ ત્રિવેદી દ્વારા માનસિક, શારીરિક ત્રાસ આપવા અને ખોટી રીતે હેરાન કરવાના ઈરાદાપૂર્વક અમોને વીજ જોડાણ ટ્રાન્સફર કરી આપતા નથી. તેમ જણાવે છે.

૧.૮ વાદીની રજૂઆત છે કે, તેઓ દ્વારા અઘાટ વેચાણ રાખેલ શેડ પર કામકાજ કરતા હોય અને પરિવારનું ગુજરાન ચલાવતા હોય અને હાલ અન્ય કચેરીમાં વીજ જોડાણ છે તે બાબતનો પુરાવો આપવો પડતો હોય, અને અમો શેડના કબ્જેદાર હોય, નરેન્દ્રભાઈ પ્રહ્ાુમનભાઈ ત્રિવેદીના નામનું વીજ જોડાણ રદ કરી તેઓને નામ ટ્રાન્સફર કરવા માટે જણાવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી, રહેઠાણ–ખમીસના રોડ, સદાનંદ પાર્ક, દાળમીલ રોડ, સુરેન્દ્રનગરમાં રહેઠાણ ધરાવે છે.

૨.૨ વાદીએ વઢવાણ જી.આઈ.ડી.સી.માં આવેલ શેડમાં સર્વે નંબર–૧૬૭૪ ના પ્લોટ નંબર–૨૬૭/૧, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, વઢવાણ વાળો પ્લોટ, નરેન્દ્રભાઈ પ્રહ્ાુમનભાઈ ત્રિવેદી પાસેથી રજી. દસ્તાવેજ નંબર–૩૫૭૧ થી તા.૦૨.૦૮.૨૦૨૨ ના રોજ શેડ અઘાટ વેચાણનો દસ્તાવેજ કરી આપેલ હતો.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૩ વાદીએ તા.૨૩.૦૮.૨૦૨૨ ના રોજ નામ બદલવા માટે પેટા વિભાગીય શહેર–૨ ખાતે અરજી કરવામાં આવેલ હતી. જેમાં, કંપનીનાં નિયમ મુજબ નામ બદલાવવા માટે જુના ગ્રાહકની સહી સંમતી પત્રકમાં લેવાની હોય છે. જે સંમતી પત્રકમાં જુના ગ્રાહકની સહીમાં નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદીના નામની સહી જોવા મળે છે.

૨.૪ નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદી દ્વારા તા.૨૭.૦૯.૨૦૨૨ના રોજ પત્ર નંબર–૧૬૧૬ થી અરજી આપવામાં આવેલ છે કે, નામ બદલી માટેના જુના ગ્રાહકની સહી સંમતીપત્રકમાં અમો દ્વારા સહી કરવામાં આવેલ નંથી. જે અન્વયે, પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૯.૦૩.૨૦૨૩ ના રોજ ૯૬૬ પત્રથી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી ને જુના ગ્રાહકની સહી સંમતીપત્રકમાં નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદીને રૂબરૂ પોતાની સાથે લઈ આવી સહી કરવા માટે જણાવેલ હતું.

૨.૫ આમ, નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદી દ્વારા સહી કરવા નહી આવતા, નામ બદલી કરવામાં આવેલ નથી. જે આપની જાણ સારૂં. તેમજ સદર પ્લોટ પર વીજ કનેકશન હોય તે વીજ જોડાણ નામ બદલી શકાય અથવા જુના ગ્રાહક દ્વારા અરજીથી રદ કરી નવા પ્લોટના માલિકને નવું વીજ જોડાણ આપી શકાય.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી અતુલભાઈ અભુભાઈ ભુંભાણી, રહે.સુરેન્દ્રનગર દ્વારા તેમના વઢવાણ જીઆઈડીસી માં આવેલ શેડ સર્વે નં–૧૬૭૪ ના પ્લોટ નં–૨૬૭/૧ માં અગાઉના માલીક દ્વારા સ્થળ પરના વિજ કનેકશનમાં નામ ફેરફાર ન થવા દેતા હોય, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆતને લઈને ફોરમ દ્વારા આજરોજ તા.૨૩/૦૫/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, વાદી તેમજ પ્રતિવાદી હાજર રહી, પોતાની રજૂઆતો કરી, જરૂરી દસ્તાવેજો રજૂ કરેલ છે.

૩.૩ હાલના કેસમાં વાદી દ્વારા વઢવાણ જીઆઈડીસીમાં સર્વે નં–૧૬૭૪ ના પ્લોટ નં–૨૬૭/૧ પ્લોટ નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદી પાસેથી તા.૦૨.૦૮.૨૦૨૨ ના રોજ અઘાટ વેચાણનો દસ્તાવેજ કરી ખરીદેલ છે. જેમાં, સદરહુ શેડમાં પીજીવીસીએલનું થ્રી ફેઈઝ વીજ કનેકશન ગ્રાહક નંબર–૭૨૬૦૮/૦૯૪૨૯/૫ NRGP નું ૬૫ કી.વો.નું શેડનાં અગાઉના માલિક નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદી નામે ચાલે છે.

ઉપરોક્ત વીજ કનેકશન પોતાના નામે કરવા વાદી દ્વારા નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદી ને જણાવેલ. પરંતુ, તેઓ જુના ગ્રાહક તરીકે સહી કરતા ન હોઈ સદરહુ વીજ કનેકશન વાદીના નામે થઈ શકતું ન હતું.

૩.૪ વાદી દ્વારા અગાઉનાં માલીક નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદીને જો તેઓ નામ ટ્રાન્સફર નહી થવા દે અને કનેકશનમાં કોઈ ગેરરીતી કે નુકશાન થાય તો પોતાની જવાબદારી રહેશે નહીં, તે મતલબની નોટીસ પણ નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદીને આપેલ છે. તદઉપરાંત, વાદીએ પીજીવીસીએલને આપેલ નામ ફેરફારની અરજીમાં જુના ગ્રાહકના સંમતિપત્રકમાં નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદીની સહી છે. પરંતુ, નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદી દ્વારા તેમની તા.૨૭.૦૯.૨૦૨૨ ની અરજીથી તે સંમતિપત્રકમાં પોતાની સહી ન હોવાની જાણ કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તેમનાં તા.૦૯.૦૩.૨૦૨૨ ના પત્ર થી પણ બન્ને પક્ષોને રૂબરૂ બોલાવી સમતીપત્રકમાં સહી કરવા માટે બોલાવેલ, પરંતુ, શ્રી નરેન્દ્રભાઈ નિર્ધારીત તારીખ, સ્થળે હાજર ન રહેતા, વાદી ના નામ ટ્રાન્સફરનું કામ આગળ થઈ શકેલ નહી.

૩.૫ રજૂ થયેલ રેકર્ડ અને રજુઆતો ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદી દ્વારા સદરહુ શેડ સર્વે નંબર–૧૬૭૪ ના પ્લોટ નંબર–૨૬૭/૧ શ્રી નરેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ ત્રિવેદી પાસેથી વેચાણ દસ્તાવેજ કરી ખરીદી લીધેલ છે. આમ, તેઓ હાલના તે જગ્યાના કાયદેસરનાં માલીક છે, તેવા સંજોગોમાં માત્ર અગાઉના માલિકનાં અસહકારના કારણે તેને વીજ કનેકશનથી વંચિત રાખી શકાય નહી. આ સંજોગોમાં GERC ના નોટીફીકેશન નં–૪/૨૦૧૫ ના ક્લોઝ નંબર– ૪.૭૧ (૨) માં જણાવ્યા મુજબ, '' ...In case the No objection certificate whom the registered consumer or authorised person is not submitted, an application from for change of name shall be entertained only if security deposit as Stipulated in the GERC (Security deposit) Regulation No.2005, as amended from time to time is paid afresh. However, the original security deposit shall be refunded to the claimant as and when a claim is preferred by the concerned person.''

આમ, પ્રસ્તુત કેસમાં પણ વાદીનું વીજ કનેકશન નામ ટ્રાન્સફર કરી શકાય છે.

૩.૬ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ એ GERC ની ઉપરોક્ત જોગવાઈને ધ્યાને લઈ, અરજદાર અતુલભાઈ ભુંભાણી પાસેથી '' જુની પાર્ટી નામ ફેરફાર માટે સંમતી આપવા તૈયાર ન હોઈ, પોતે નવી ડીપોઝીટ કે અન્ય ચાર્જ ભરવા તૈયાર છે.'' તે બાબતનું એફીડેવીટ, તેમજ જરૂરી ચાર્જ લઈ સદરહુ વીજ કનેકશન આ કેસના અરજદારના નામે કરી આપવું.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ.મહેતા)<br>સ્વતંત્ર સભ્યશ્રી | (ગેરહાજર)<br>(એન.આઈ.ઉપાધ્યાય)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એન.સી.મકવાણા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૨૩/૦૫/૨૦૨૩.